## ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ,

## બ્લોક નં.૨, પાંચમો માળ, કર્મયોગી ભવન, સેકટર-૧૦/એ,ગાંધીનગર

ક્રમાંક:- સંકલન/ખતપ/૧૧/૮૫૭૩/૨૦૨૧-૨૨

તા.૧૬/૦૩/૨૦૨૨

### જાહેરનામું

સરકારશ્રીના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક:- કેપી/૫૩/૨૦૦૨/પીઇઆર/૧૩૯૬/૭૧૬/૧૧-૩/ડી/૨૦૦૨, તા.૨૦/૮/૨૦૦૨, સુધારા જાહેરનામાં ક્રમાંક:-કેપી/૧૯/ ૨૦૧૦/પીઇઆર/૧૦૨૦૦૭/૧૬૯૪/ડી, તા.૪/૧૦/૨૦૧૦, સુધારા જાહેરનામા ક્રમાંક:- કેપી/૭૮/૨૦૧૧/ પીઇઆર/ ૧૦૨૦૦૭/૧૬૯૪/ડી તા.૧૧-૮-૨૦૧૧ તેમજ સુધારા જાહેરનામા ક્રમાંક:- કેપી/૧/૨૦૧૨/ પીઇઆર/૧૦૨૦૧૧/૮૯૩/ડી તા.૧-૧-૨૦૧૩ થી ગુજરાત પંચાયત સેવાના નાયબ ચીટનીસ (પંચાયત સર્વિસ)સંવર્ગના કર્મચારીઓની ખાતાકીય પરીક્ષા નિયમો ૨૦૦૨ તેમજ નાયબ ચીટનીશ (પંચાયત સર્વિસ) ખાતાકીય પરીક્ષા (સુધારા) નિયમો, ૨૦૧૦ અને ૨૦૧૨ નિયત કરવામાં આવેલ છે.

૨. સરકારશ્રીના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક:- કેપી/૧૫/૨૦૦૯/પીઇઆર/ ૧૦૨૦૦૭/૧૮૭૭/ડી, તા.૦૭/૦૭/૨૦૦૯, સુધારા જાહેરનામા ક્રમાંક:- કેપી/૧૧૭ ઓફ ૨૦૧૪/પીઇઆર/૧૦૨૦૧૪/ ૧૦૩/ખ તા.૩૦/૧૨/૨૦૧૪ તથા સુધારા જાહેરનામા ક્રમાંક:- કેપી/૦૬ ઓફ ૨૦૧૯/ પીઇઆર/૧૦૨૦૧૪/૧૦૩/ખ તા.૦૬/૦૩/૨૦૧૯ થી ગુજરાત પંચાયત સેવાના વિસ્તરણ અધિકારી વર્ગ-૩ (પંચાયત/ખેતી/સહકાર)/તાલુકા પંચાયત અધિકારી સંવર્ગના કર્મચારીઓની ખાતાકીય પરીક્ષા નિયમો, ૨૦૦૯ તેમજ સુધારા નિયમો, ૨૦૧૪ અને સુધારા નિયમો ૨૦૧૯ નિયત કરવામાં આવેલ છે.

૩. મંડળ ધ્વારા જાહેરનામા ક્રમાંક:-સંકલન-ખતપ-૧૧/૨૦૨૧-૨૨/૪૯૭૧થી૪૯૭૮ તા.૦૧/૦૯/૨૦૨૧થી નાયબ ચીટનીશ (પંચાયત સેવા) તથા (૨) જાહેરનામા ક્રમાંક:-સંકલન-ખતપ-૧૨/૨૦૨૧-૨૨/૪૯૭૯ થી ૪૯૮૬ તા.૦૧/૦૯/૨૦૨૧ અન્વયે વિસ્તરણ અધિકારી વર્ગ-૩(પંચાયત/ખેતી/સહકાર)/તાલુકા પંચાયત અધિકારીની લેખિત ખાતાકીય પરીક્ષા-૨૦૨૧-૨૨ તારીખ:-૦૭,૦૮,અને ૦૯ જાન્યુઆરી/૨૦૨૨ ના રોજ મંડળ દ્વારા લેવામાં આવેલ હતી.

૪. સદરહુ ખાતાકીય પરીક્ષા ૨૦૨૧-૨૨ના પ્રશ્નપત્ર ૧ થી ૫ની પ્રોવીઝનલ આન્સર કી તા.૧૯/૦૧/૨૦૨૨ ના રોજ મંડળ ધ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી, અને તા.૩૧-૦૧-૨૦૨૨ સુધી ઉમેદવારોના વાંધા-સૂચનો મંગાવવામાં આવેલ હતા. નિયત સમયમર્યાદામાં ઉમેદવારો તરફથી મળેલ વાંધા-સૂચનો મંડળ ધ્વારા વિચારણામાં લઇ, તે પરત્વે તા.૧૬-૦૩-૨૦૨૨ની મંડળની બેઠકમાં યોગ્ય તે નિર્ણય કરી ફાઇનલ આન્સર કી સર્વાનુમતે મંજુર કર્યા બાદ કોમ્પ્યુટરાઇઝ પધ્ધતિથી રીઝલ્ટ પ્રોસેસીગની કાર્યવાહી મંડળ ધ્વારા કરવામાં આવેલ છે, અને તે મુજબ ખાતાકીય પરીક્ષા ૨૦૨૧-૨૨નું ૪૬૯૪ ઉમેદવારનું પરિણામ આ સાથેના પત્રકમાં દર્શાવ્યા મુજબ મંડળ દ્વારા જાહેર કરવામાં આવેલ છે. આ પરિણામ મંડળના નોટીસ બોર્ડ ઉપર તેમજ મંડળની વેબસાઇટ **https://gpssb.gujarat.gov.in** ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

GUJARAT PANCHAYAT SERVICE SELECTION BOARD
GANDHINAGAR

૫. સદરહું પરીક્ષામાં ઉપસ્થિત રહેલા તમામ કર્મચારીઓના તમામ પ્રશ્નપત્રોની ઓ.એમ.આર. શીટ (જવાબવહીઓ) નું એસેસમેન્ટ (ચકાસણી) મંડળ ધ્વારા કોમ્પ્યુટરરાઇઝડ પધ્ધતિથી કરાવેલ હોઇ આ ઓ.એમ.આર શીટના રીચેકીંગનો પ્રશ્ન રહેતો નથી, જેની સંબધકર્તા તમામ ઉમેદવારોએ નોંધ લેવી.

બિડાણ:- પરીણામ પત્રક

સહી/-
(ભરત સી.પરમાર )
સચિવ
ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ
ગાંધીનગર

<u>પ્રતિ</u>:-

મેનેજરશ્રી, મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર તરફ ઉપરોક્ત જાહેરનામાંની પ્રસિધ્ધી સરકારી ગેઝેટના ભાગ-૧ 'અ'માં કરવા અને તેની પાંચ નકલો અત્રે મોકલી આપવા વિનંતી છે.

<u>નકલ સવિનય રવાના</u>:-

(૧) માન. અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, બ્લોક નં.૮, નવા સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

(૨) માન.વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય ગાંધીનગર તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.

(૩) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત તમામ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ તથા પરિણામની સંબધિત કર્મચારીને જાણ કરવા સારૂ.

<u>નકલ</u>:-

(૧) કચેરીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ સારૂ.

(૨) સીલેકટ ફાઇલે

**ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ**

**તા.૦૭,૦૮,અને ૦૯ જાન્યુઆરી-૨૦૨૨ના રોજ યોજાયેલ ખાતાકીય પરીક્ષા-૨૦૨૧-૨૨, અન્વયે**

**ઉમેદવારો જોગ નોટીસ**

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ ધ્વારા નાયબ ચીટનીશ (પંચાયત સેવા) તથા વિસ્તરણ અધિકારી વર્ગ-૩ (પંચાયત/ખેતી/સહકાર)/તાલુકા પંચાયત અધિકારીની તા.૦૭,૦૮,અને ૦૯ જાન્યુઆરી/૨૦૨૨ના રોજ ખાતાકીય પરીક્ષા યોજવામાં આવેલ હતી. સદર ખાતાકીય પરીક્ષા ૨૦૨૧-૨૨નું પરિણામ મંડળ દ્વારા આજરોજ તા.૧૬-૦૩-૨૦૨૨ના રોજ જાહેર કરવામાં આવેલ છે. સદર પરિણામ મંડળની વેબસાઇટ **https://gpssb.gujarat.gov.in** ઉપર મુકવામાં આવેલ છે, તેમજ મંડળની કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે, જેની દરેક ઉમેદવારોએ નોંધ લેવા વિનંતી છે.

સ્થળ:-ગાંધીનગર
તા.૧૬/૦૩/૨૦૨૨

GUJARAT PANCHAYAT SERVICE SELECTION BOARD
GANDHINAGAR

સહી/-
સચિવ
ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ
ગાંધીનગર